Extra No. 202

©

सत्यमेव जयते

POSTAL REGISTRATION
No. VDR - E /14 /2012-2014
Annual Subscription Rate ₹ 4000/-

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXII] FRIDAY, JUNE 4, 2021 / JYAISTHA 14, 1943

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધાઃ-

(૧) ગૃહ વિભાગ, ગુજરાત સરકારના હુકમ ક્રમાંકઃ વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨-B તા. ૨૭/૦૫/૨૦૨૧.

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) તથા ૩૭(૩) ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન, ૨૦૨૦ તથા નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૪ અન્વયે.

નં. એમએજી/COVID-19/જાહેરનામું/વશી/૨૬૮૨ થી ૨૭૧૫/૨૦૨૧.–નોવેલ કોરોના વાયરસ COVID-19ને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. આ સંબંધમાં કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે સુચનાઓ તેમજ માર્ગદર્શિકાઓ બહાર પાડવામાં આવેલ છે. ગૃહ મંત્રાલય, ભારત સરકારના તા.૨૯/૪/૨૦૨૧ના હુકમ ક્રમાંક : 40-3/2020-DM-I(A) થી કોરોના સંક્રમણને રોકવા અદ્યતન સુચનાઓ આપવામાં આવેલ છે.

રાજ્યમાં વર્તમાન પરિસ્થિતિની સમીક્ષા કરી, ગૃહ વિભાગના તા.૨૦/૦૫/૨૦૨૧ના હુકમ ક્રમાંકઃ વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨-B થી સમગ્ર રાજ્યમાં અમલમાં મુકવામાં આવેલ નિયંત્રણોની અવધિ વંચાણના હુકમથી તા. ૨૮/૦૫/૨૦૨૧ના સવારના ૬-૦૦ કલાકથી તા. ૦૪/૦૬/૨૦૨૧ના સવારના ૦૬:૦૦ કલાક સુધી લંબાવવામાં આવેલ છે. જે સુચનાઓનું નર્મદા જિલ્લામાં પાલન કરવું આવશ્યક જણાય છે.

આથી, હું ડી. એ. શાહ (આઈ. એ. એસ.) જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપલા, ફોજદારી કાર્યરિતી અધિનિયમ-૧૯૭૩ની (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ની કલમ-૧૪૪, ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) તથા ૩૭(૩) ધ ગુજરાત એપેડમિક રેગ્યુલેશન, ૨૦૨૦ તથા અને નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-૨૦૦૫ ની કલમ-૩૪ની રૂએ ફરમાવું છું કે,

1. જિલ્લામાં અઠવાડિક ગુજરી/બજાર/હાટ, શૈક્ષણિક સંસ્થા અને કોચિંગ સેન્ટરો (ઓનલાઈન શિક્ષણ સિવાય), સિનેમા થિયેટરો, ઓડીટોરીયમ, એસેમ્બલી હોલ, વોટરપાર્ક, જાહેર બાગ-બગીચા, મનોરંજક સ્થળો, જીમ, સ્પા, સ્વિમીંગ પુલ બંધ રહેશે.

2. આ સમયગાળા દરમ્યાન લગ્ન માટે ખુલ્લા અથવા બંધ સ્થળોએ મહત્તમ ૫૦ (પચાસ) વ્યક્તિઓની મંજૂરી રહેશે. લગ્ન માટે DIGITAL GUJARAT PORTAL પર નોંધણીની જોગવાઈ યથાવત રહેશે.

3. અંતિમક્રિયા/દફનવિધિ માટે મહત્તમ ૨૦ (વીસ) વ્યક્તિઓની મંજૂરી રહેશે.

4. જિલ્લામાં સરકારી, અર્ધ સરકારી, બોર્ડ, કોર્પોરેશન, બેંક, Finance Tech સંબંધિત સેવાઓ, કેશ, ટ્રાન્ઝેક્શન સેવાઓ, બેંકોનું ક્લીયરીંગ

હાઉસ, એ. ટી. એમ/સી. ડી. એમ. રીપેરર્સ સ્ટોક એક્સચેન્જ, સ્ટોક બ્રોકરો, ઈન્સ્યોરન્સ કંપનીઓ તથા તમામ પ્રકારની ખાનગી ઓફીસોમાં કર્મચારીઓની હાજરીની સંખ્યા ૫૦ % સુધી સુનિશ્ચિત કરવાની રહેશે. આશ્યક સેવાઓને આ જોગવાઇ લાગુ પડશે નહીં.

5. જિલ્લામાં તમામ પ્રકારની રાજકીય, સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, કાર્યક્રમો/મેળાવડાઓ સદતંર બંધ રહેશે.

6. પ્રેક્ષકોની ઉપસ્થિતી વગર સ્પોર્ટસ કોમ્પલેક્ષ/સ્પોર્ટસ સ્ટેડીયમ/સંકુલમાં પ્રેક્ષકો વગર રમતગમત ચાલુ રાખી શકાશે.

7. જિલ્લાનાં તમામ ધાર્મિક સ્થાનો જાહેરજનતા માટે બંધ રહેશે. ધાર્મિક સ્થાનો ખાતેની દૈનિક પૂજા/વિધિ ધાર્મિકસ્થાનોના સંચાલકો/પૂજારીશ્રીઓ દ્વારા જ કરવાની રહેશે.

8. પબ્લિક બસ ટ્રાન્સપોર્ટ મહત્તમ ૫૦% પેસેન્જર કેપેસીટીમાં ચાલુ રહેશે.

10. તમામે ફેસ કવર, માસ્ક અને સોશ્યલ ડીસ્ટન્સીંગનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

અમલવારીનો સમય

આ જાહેરનામાની અમલવારી તા. ૨૮મી મે, ૨૦૨૧ ના સવારના ૦૬.૦૦ કલાકથી તા. ૦૪થી જુન, ૨૦૨૧ના સવારના. ૬.૦૦ સુધી કરવાની રહેશે.

શિક્ષા

આ જાહેરનામાના ભંગ બદલ 'The Epidemic Diseases Act, 1897' અન્વયે 'The Gujarat Epidemic Diseases Covid-19 Regulation, 2020' જોગવાઈઓ, 'The Indian Penal Code' ની કલમ-૧૮૮ તથા 'The Disaster Management Act' ની જોગવાઈઓ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકશ્રીથી પોલીસ સબ-ઈન્સ્પેકટરશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૨૮મી મે, ૨૦૨૧ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ બહાર પાડ્યો.

ડી. એ. શાહ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપલા.

Printed & Published at :
Government Press & Stationery, Anandpura, Kothi Road, Vadodara-390 001.